Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૭ · અંક : ૩૦ · તા. ૧૯ થી ૨૫ જુલાઈ ૧૪ · વાર્ષિક લવાજમ રૂ. ૫૦ · Regn.No. MH/MR/East/53/2012-14



## ખંડવા નગરે શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ આદિ જિનબિંબોની પુનઃ પ્રતિષ્ઠા એવં શતાબ્દી મહોત્સવ સમ્પન્ન તા. ૧૨ મે ૨૦૧૪

વધુ તસવીરો ૩જા કવર (પા.નં. ૨૩) પર

















# માણસાઈ અને મુડસાઈને આધ્યાત્મિક કવિ ''તેજ''ને અમૃત મહોત્સવે વધાવવા તેજોત્સવ

અહેવાલ સામેના (૩જા) પાને







## ※ સ્વદેશાગમન ※



જન્મ :
તા. ૧૬.૧૨.૧૯૮૮

હાઈટ : '5.5'

**ચિ. ચિત્રાંગ મયુર મોતા** (તેરા - મુલુંડ)

ભૌતિક અભ્યાસ : M.com (Part -I)

ધાર્મિક અભ્યાસ : પાંચ પ્રતિક્રમણ, ૪ પ્રકરણ

અ.સૌ. તરલા મયુર મોતાના સુપુત્ર
ચિ. ચિત્રાંગ દુબઈ સ્થિત,
Land Mart Group માં છેલ્લા બે વરસથી જોડાયેલા છે.
અને ટુંક સમય માટે આવે છે ૨૭.૭.૧૪ તે ૩.૮.૧૪

દાદાણા : કસ્તુરબાઈ લાલજી તેરપાર મોતા

નાનાણા : દેવકુંવરબાઈ વિશનજી વીરજી મેપાણી (પરજાઉ - મુલુંડ)

બહેન : ટવીંકલ મયુર મોતા

સંપર્ક : 8689884884 / 9920756746

## ધરમશી / દંડ પરિવારનું ગૌરવ



**ક્રુણાલ ધરમશી**

જન્મ તા : ૪.૬.૮૯

Tel.: 080-26625150

**B.C.A**

**Joined as Mobile Application Developer at Accion Labs India Pvt Ltd.**

ઉત્તરોત્તર પ્રગતિ કરતા રહો...

※ અમારી હાર્દિક શુભેચ્છા ※

દાદાણા : જવેરબેન ધનજી કલ્યાણજી ધરમશી (સુથરી)

નાનાણા : પુરબાઈ લક્ષ્મીચંદ ચાંપશી દંડ (લાલા)

માતા - પિતા : હિના ખુશેન્દ્ર ધરમશી (બેંગ્લોર)

## અંતરના અભિનંદન



કુ. નિતાંશી મિતેશ ધરમશી
ગાંધીધામ (કોઠારા)

S.S.C ની પરીક્ષામાં ગણિતમાં 98 માર્કસ સાથે 88.16% અને 99.01% (પર્સનટાઈલ) સાથે ઉત્તીર્ણ થયેલ છે. જીવનમાં દરેક ક્ષેત્રે સફળતાના શિખરો સર કરે એવી શુભેચ્છા....

માતા-પિતા: અસૌ દિપ્તી - મિતેશ ધરમશી

કુ. દિશિતા મિતેશ ધરમશી

※ શુભેચ્છક ※

દાદાણા: અ.સૌ.સરોજ - ડૉ. મધુકાન્ત રતનશી ધરમશી પરિવાર ગાંધીધામ (કોઠારા)

નાનાણા: સરલા-તિલકચંદ વિશનજી નાગડા પરિવાર મુલુંડ (તેરા)

## માણસાઈ અને મુડ઼સાઈનો આધ્યાત્મિક કવિ "તેજ"...

માંડવીના ખીચોખીચ ભરાયેલા રોટરી હોલમાં દિનાંક ૧૩/૦૭/૨૦૧૪ના રોજ 'તેજોત્સવ' કાર્યક્રમમાં ઉપરોક્ત ઉદ્‌ગારોથી પ.પૂ. ભુવનચંદ્રજી મ.સા.એ કવિ 'તેજ'ને બિરદાવતાં તેના કાવ્યમાં પ્રકૃતિના પોત જળવાયા છે તેમ કહી તેની કવિતા રહીમ, તુલસી કે કબીરની યાદ અપાવે એવું આશિર્વાદ આપતા જણાવ્યું હતું.

કાર્યક્રમની શરૂઆત શ્રી સરસ્વતી શિશુ મંદિર-કોડાયના નાના ભુલકાઓએ કવિ તેજની પ્રાર્થનાની રચના રજુ કરી શ્રોતાઓનો દાદ મેળવ્યો હતો.

આ કાર્યક્રમના ઉપક્રમે કચ્છ યુનિવર્સિટીના પ્રથમ કુલપતિ અને સાહિત્યકાર ડૉ. કાન્તિ ગોર 'કારણ'એ માનવ જીવનનાં સુક્ષ્મ મર્મોને તેમજ કવિ કાલિદાસ જે અર્થાન્તરન્યાસ અલંકાર માટે પ્રખ્યાત છે એ અલંકાર 'તેજ'ની બાનીમાં સહજ રીતે વણાઈને આવે છે એમ નોંધી કવિની પ્રતિભાને દ્રષ્ટાંતોથી પોંખી હતી.

કચ્છી સાહિત્યના ઉત્તમ ગઝલકાર શ્રી રવિ પેથાણી 'તિમિર'એ 'તેજ'ની કવિતામાં પ્રકૃતિ' પર વક્તવ્ય આપતાં આ કવિ નખશીખ પ્રકૃતિ પ્રેમી છે એમ જણાવી તેમના પુસ્તકોના શિર્ષકોથી માંડીને હાઈકુ, મુક્તકો, ગીતો જેવી કવિતા આદિમાં ગુંથાયેલ પ્રકૃતિ તત્ત્વોની સદ્રષ્ટાંત છણાવટ કરી હતી.

'તેજ બાવની' પુસ્તકનો પરિચય કરાવતાં, સર્જકશ્રી મદનકુમાર અંજારિયા 'ખ્વાબ'એ સોમ ધરમશી જેવા ભાવક દ્વારા થયેલા કવિના મુલ્યાંકનની વિશેષ નોંધ લઈ આવા પ્રયત્નને સ્તુત્ય ગણાવ્યો હતો. કવિ 'તેજ'ની કવિતા કચ્છી ભાષકોનાં સીમાડાને ઓળંગી બહોળા ગુજરાતી વાચક વર્ગ સુધી પહોંચશે તે ઘટનાને આનંદપ્રદ ગણાવી હતી.

વધુમાં તેમણે ઉમેર્યું હતું કે, કાળની કેડીએ જીવનની કપરી વેદનાઓ વેઠીને અકાળે આથમી ગયેલા કચ્છી કવિતાનાં તારા જેવા કવિઓને સમાજ સાચવી શક્તો નથી તેનું દુઃખ વ્યક્ત કરી હવે જે વિદ્યમાન કવિઓ છે તેમને ખરા સમયે સાચવી લેવાનો અનુરોધ કર્યો હતો.

'તેજ બાવની'ના આસ્વાદક સોમ ધરમશીએ પોતાની કેફીયત રજુ કરતાં કવિ સાથેના અનુબંધની વાત રજુ કરી તેજની કવિતાને ભણેલા કરતા રબારી, ભરવાડ જેવા અભણ લોકો વધુ પામી શકયા છે, એમ ટાંકી પુસ્તક સર્જનમાં ઉપકારક થનાર સૌનું ઋણ સ્વીકાર્યું હતું.

કવિ તેજની કવિતામાં વૈવિધ્યતાનાં દર્શન કરાવવાના ઉપક્રમે ભારતીબેન ગોરે 'નિંઢપણ વિઞાણું'' કવિતાનું પઠન કરી બાલપણનાં મીઠાં સંભારણાના ઓવારણા લીધાં તો નીતાબેન કિશોર જોષીએ "તાંકડ઼ી તોજો કરી ગિન તોલ" રજુ કરી તેજની કવિતામાં આધ્યાત્મ ભાવને વર્ણવી, હરીશ દરજી 'કસભી'એ કવિ તેજની અતિ જાણીતી રમુજી રચના "ચાર બાવા" રજુ કરી સૌને આનંદની લાગણીઓમાં ભીંઝાવ્યા હતા.

સમગ્ર કાર્યક્રમનું કુશળ સંચાલન ડૉ. રમઝાન હસણિયાએ કવિ તેજના સાહિત્યમાંથી બંધ બેસતા સંદર્ભો ટાંકી પોતાની કુશળતાનો પરિચય આપ્યો હતો.

કવિ તેજના ચાહકો  માધવ જોષી 'અશ્ક', બાબુલાલ ગોર, દાઉદ ટાના, કૃષ્ણાબેન મિસ્ત્રી, વિશ્રામ ગઢવી, જાડેજા ખાનજી દેવાજી, દોલતસિંહ જાડેજા, મુક્તાબેન ખત્રી, કાનજીભાઈ મહેશ્વરી, વાછીયા ચંદે, વાગુભા જાડેજા, તેમજ માંડવી ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી વાડીલાલ દોશી, રોટરી પ્રમુખ શ્રી હસન રાયમા, અને જૈન શોશ્યલ ગ્રુપના પ્રમુખ શ્રી ધર્મેન્દ્રભાઈએ કાર્યક્રમને માણ્યો હતો.

કાર્યક્રમને સફળ બનાવવા શ્રી ગોરધનભાઈ પટેલ (કવિભાઈ), ડૉ. રાજેશ બસિયા, જીનેશ દુબલ, લખમીરસિંહ લતાબેન ધરમશી તેમજ વીઝયુલ આર્ટસ અને જયંત જયોતના સભ્યોએ સારી જહેમત ઉઠાવી હતી.

યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
TAN MAN®
TOURS & TRAVELS
9323360708/25903514-5-6
tanmantravels@yahoo.co.in
www.tanmantour&travel.com

જીવનની શાળામાંથી શીખી હૃદયોદગાર દ્વારા કચ્છી કવિતાના શિરમોર તરીકે નામના પામેલા ક.દ.ઓ. જૈન જ્ઞાતિના કવિ 'તેજ'ને અમૃત મહોત્સવે સાર્થક દીર્ઘાયુની શુભકામના. - તન - મન પરિવાર

શીખરજીની સર્વ પ્રથમ અને
એકમાત્ર આપણી પોતાની
★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ
SHIKHARJI'S FIRST & ONLY HOTEL WITH FACILITY LIKE ★★★
SHIKHARJI™
Continental
MADHUBAN - JHARKHAND

**આદ્યતંત્રીઓ**

**''પ્રકાશ''**
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
**''સમીક્ષા''**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**''પ્રકાશ સમીક્ષા''**
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
સહ તંત્રી :
ચંદ્રસેન મોમાયા
મો. 9324618606

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

**અંક નં. 30/2014**

**: કાર્યાલય :**

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri. R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Restaurant,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg,
Fort, Mumbai - 400 001.

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

**ચાલુ અંક માટે મેટર**
**સ્વીકાર માત્ર મંગળવાર સુધી**

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.

## તંત્રી સમીપે

# અનંતછાયા : પૂર્ણ વિરામ કે અલ્પવિરામ?

તાજેતરમાં નામદાર મુંબઈ હાઈકોર્ટે અનંતછાયાના વેચાણ અંગે ચેરીટી કમીશ્નરે આપેલી મંજુરીને પડકારતી રીટ પીટીશનો નામંજુર કરેલી તે ચૂકાદાની પુનઃ સમીક્ષા (રીવ્યુ) કરવા બાબતની અરજી પણ, ખારીજ કરી છે. તેને પગલે હવે જ્ઞાતિએ આ વિવાદ પર અને સાથે સાથે ઉક્ત ચૂકાદા પછીની કોર્ટ કાર્યવાહી પર પણ હંમેશ માટે પૂર્ણ વિરામ મૂકી દેવો જોઈએ કે હજી પણ તેને પરિણામે ઉદભવતા વિવિધ મુદ્દાઓ પર જ્ઞાતિના વિશાળ હિતને અનુલક્ષીને ટ્રસ્ટીઓએ કે જ્ઞાતિએ ભવિષ્ય માટે નીતિ - દિશા સૂચક પગલાં લેવાં જોઈએ તેની વિચારણા થવી બાકી છે તે દૃષ્ટિએ આ તબક્કે માત્ર અલ્પ વિરામ જ મૂકવો જોઈએ, તે બંને પ્રશ્નો હાલ પ્રસ્તુત બન્યા છે.

અલબત્ત, એક અન્ય સંબંધિત મુદો પણ તેટલી જ પ્રસ્તુતતા ધરાવે છે તે એ છે કે ઉક્ત ચૂકાદા પછી, કોર્ટની કાર્યવાહીની થોડી પણ સમજણ ન ધરાવતા કેટલાક જ્ઞાતિકર્મિઓ એવું અર્થહીન ડહાપણ ડહોળી રહ્યા છે કે હવે તો સમસ્ત મહાજને આ કાનૂની જંગમાં ઝંપલાવવું જોઈએ અને તેને પક્ષકાર બનાવવાની કાર્યવાહી થવી જોઈએ, જ્યારે કેટલાક અન્ય વાંકદેખુઓ, કોર્ટમાં સુનાવણી દરમ્યાન કઈ રીતે દલીલો થઈ અને નામદાર ન્યાયાધીશે વિવિધ તબક્કે કયા પ્રશ્નો કે મુદ્દાઓ ઉપસ્થિત કર્યા તેની પ્રત્યક્ષ જાણકારી ન હોવા છતાં, અરજદારો વતી અમુક કે તમુક રજુઆતો ન થઈ તેવી સુફિયાણી ટીપ્પણો કરી રહ્યા છે.

આ પ્રકારની જેને અક્કલના પ્રદર્શનની ઉપમા આપી શકાય તેવી ચેષ્ટાઓને બહુ મહત્વ ન આપીએ તો પણ નામદાર કોર્ટનું ઉક્ત ચુકાદામાં એક નિરીક્ષણ હવે નોંધાઈ ગયું છે તે, નામદાર ન્યાયાધીશ પરત્વે સંપુર્ણ આદર દર્શાવીને, અહીં નોંધવું જરૂરી બન્યું છે તે એ કે 'અનંતછાયા'ના વેચાણનો વિરોધ સમગ્ર જ્ઞાતિમાંથી ફક્ત બે જ્ઞાતિજનોએ જ કર્યો હતો!

અલબત, સૌ સંબંધિતો એ હકીકત તો સ્વીકાર છે કે સમસ્ત મહાજને ડિસેમ્બર ૨૦૧૨માં અનંતનાથજી ટ્રસ્ટને પત્ર દ્વારા ઉક્ત વેચાણ અંગે સમગ્ર જ્ઞાતિનો વિરોધ છે તેમ સ્પષ્ટપણે જણાવેલું અને ઉક્ત રીવ્યુ અરજીમાં પણ અરજદારે નામદાર કોર્ટનું તે હકીકત પરત્વે ધ્યાન દોર્યું હતું. તેમ છતાં, ફરીથી કોર્ટ પરત્વે આદર સાથે, એ ઉલ્લેખનીય છે કે તે હકીકત કોર્ટે સ્વીકારી નથી. આ મુદ્દો સમસ્ત મહાજન કરતાં પણ સમગ્ર જ્ઞાતિ માટે કમનસીબ ગણાવો જોઈએ તેટલી જ પ્રતિક્રિયા આ સઘળી કાનૂની કાર્યવાહીઓ અંગે જ્ઞાતિને પદાર્થપાઠ લેવાની દૃષ્ટિએ નોંધીએ તો તેમાં ઘણું બધું આવી જાય છે. જ્યારે સમગ્ર જ્ઞાતિમાં નૈતિક હિમંત અને સિધ્ધાંતનિષ્ઠાની ભાવના, કદર કે દરકારનો અભાવ ધરાવતા જ્ઞાતિજનો તો ઠીક, જ્ઞાતિ અગ્રણીઓનો પણ તોટો નથી, ત્યારે ઉક્ત ચુકાદાના ગુણદોષમાં ઊંડે જવાથી કોઈ હેતુ સરે તેમ નથી એટલે આ બાબતે હવે પૂર્ણ વિરામ મુકાય તે જ સર્વથા ઉચિત ગણાશે.

આમ, આ સઘળી કાનૂની કાર્યવાહીઓના અંતે હવે, ચેરીટી કમીશ્નરનો ૩૧ જાન્યુઆરી ૨૦૧૩નો ચૂકાદો અમલી બને છે. તે અનુસાર, ટ્રસ્ટે અનંતછાયાની વેચાણ કિમંતના રૂા. ૪૫ કરોડની રકમ રાષ્ટ્રીયકૃત કે ટ્રસ્ટ એકટ હેઠળ માન્ય અન્ય બેંકો કે સીક્યુરીટીમાં રોકાણ કરીને તેના પરનું વ્યાજ ટ્રસ્ટના ઉદ્દેશો માટે ઉપયોગમાં લેવાનું રહે છે. તે રીતે, ટ્રસ્ટીઓએ ટ્રસ્ટના વિવિધ ઉદ્દેશો માટે વાર્ષિક ચારેક કરોડ જેટલી રકમ કઈ કઈ રીતે ફાળવવી તેની વિશદ વિચારણા કરી તેનું અંદાજપત્રક, ટ્રસ્ટ એકમની કલમ ૩૧ અ મુજબ દર વર્ષે બનાવવાનું રહે છે.

અલબત્ત, વર્તમાન ટ્રસ્ટીઓએ આ વર્ષ માટેનું અંદાજપત્રક બનાવ્યું હોય તો પણ તેમણે જ્ઞાતિ સમક્ષ મૂકવા જેટલો વિવેક અને પારદર્શિતા છેલ્લાં ચાર વર્ષની જેમ આ વર્ષે પણ દાખવ્યા નથી તે મુદ્દો બાજુએ મુકીએ તો પણ ભવિષ્યમાં ટ્રસ્ટ દ્વારા ચાર કરોડ જેટલી રકમને સાધારણ ખાતાના વિવિધ હેતુઓ માટે ઉપયોગમાં લેવાની બાબતે જ્યારે જ્યારે અનંતનાથ ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ વિચારણા કરવાની થશે ત્યારે ત્યારે તેમણે જ્ઞાતિમાં પ્રવર્તીત ટ્રસ્ટની બહારની પરિસ્થિતિ એટલે કે જ્ઞાતિના અન્ય ટ્રસ્ટોનો સ્રોત્રો પણ ધ્યાનમાં લેવા પડશે.

એ દ્રષ્ટિએ તેમણે જ્ઞાતિના અન્ય શૈક્ષણિક, સ્વાસ્થ્ય માંદગી સહાય અને અન્ય ક્ષેત્રોમાં પ્રવૃત્ત ટ્રસ્ટો અને ખાસ કરીને કચ્છ - હાલારના દરેકે દરેક ગામના મહાજનોના ટ્રસ્ટો જેઓ પોત પોતાના ગામવાસીઓની જરૂરિયાતો પૂરતી જ મર્યાદિત ફાળવણી કરે છે તેમની સાથે સંકલન વ્યવસ્થાના આધારે તેમના સ્રોત્રોની જાણકારી મેળવી, પોતાની (અનંતનાથજી ટ્રસ્ટની) ભૂમિકાને આકાર આપવો પડશે.

અલબત્ત, આ સંકલન વ્યવસ્થા પણ અનંતનાથજી ટ્રસ્ટે કરવી જોઈએ એવી જવાબદારી કે અપેક્ષા ઘણી વધુ પડતી છે. એટલે સમસ્ત મહાજન જેવી કેન્દ્રીય સંસ્થાએ આ બાબત ઉપયુક્ત કાર્યવાહી કરવી પડશે અને જાણે દર વર્ષે સમસ્ત જ્ઞાતિનું એક જ અંદાજપત્રક બનતું હોય તેવો તખ્તો ઊભો કરવો જરૂરી બનશે.

આ ઉપરાંત, હાઈકોર્ટના ઉક્ત રીટ પીટીશનો સંદર્ભે જુલાઈ ૨૦૧૩ ના ચૂકાદામાં નામદાર ન્યાયાધીશે જે નિરીક્ષણો કર્યા છે તેને અનુલક્ષીને અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટીઓ, ઉપરોક્ત વેચાણ કિમંત પરના વ્યાજની આવક પૂરતો જ સમિત ટ્રસ્ટ વહીવટ કરવાને બદલે, ચેરીટી કમીશ્નરની યોગ્ય પરવાનગી લઈને, તે વેચાણ કિંમતનું સંપૂર્ણ કોર્પસ ફંડ કે તેનો અમુક અંશ પણ કોઈ વિશિષ્ટ હેતુઓ માટે જરૂરી હોય તો તે હેતુસર કોઈ સ્થાવર મિલકત ખરીદ કરવા માટે પણ ઉપયોગમાં લઈ શકે છે. એટલે, વર્તમાન કે ભાવિ ટ્રસ્ટીઓ જ્ઞાતિના અન્ય અગ્રણીઓ સાથે આ બાબતે પણ વિચાર - વિમર્શ કરી રૂા. ૪૫ કરોડની રકમ વિષયક યોગ્ય પગલાં લઈ શકે તેમ છે.

તેવી જ રીતે, ટ્રસ્ટીઓ, ડેવલપર અને ભાડુતો વચ્ચે થયેલા વ્યક્તિગત ત્રિપક્ષીય કરારોમાં, જ્યાં સુધી ભાડુતોને નવા મકાનમાં ઓનરશીપ ધોરણે ફ્લેટોનો કબજો ન સોંપાય અને તેમની સહકારી સોસાયટીની નોંધણી ન થાય ત્યાં સુધી, ભાડુતોએ, પોતાના હકો કે ફ્લેટો અન્યોને વેચાણ કરવા પહેલાં, ટ્રસ્ટીઓની પૂર્વ સંમતિ લેવી પડશે તેવી જોગવાઈ છે, તે જોતાં ભવિષ્યમાં, ભાડુતો પોતાના હક કે ફ્લેટ ફક્ત આપણા જ્ઞાતિજનોને જ વેચી શકશે તેવો આગ્રહ ટ્રસ્ટીઓ રાખશે તેવો કદાચિત આશય હોઈ શકે.

ખરેખર જો એમ હોય તો ટ્રસ્ટીઓનો એ નિર્ણય પ્રશંસનીય ગણાશે. અલબત્ત, અત્યાર સુધી લઘભગ ૧૦ થી વધુ ભાડુતો ટ્રસ્ટીઓની સંમતિથી ડેવલપર દ્વારા ઓફર થતી ઊંચી કિંમત લઈને પોતાના હક વેચી ચૂક્યા છે તેથી હજી પણ કેટલા ભાડુતો છેવટ લગી પોતાનું રહેઠાણ અહીં જ રાખશે તેનો ઉત્તર ભવિષ્યમાં જ મળશે.

એટલે ભાડુતો સોસાયટીના સભ્ય થયા પછી પણ ફ્લેટોના વેચાણ વખતે આપણા જ્ઞાતિજનો માટેનો જ સ્વત : આગ્રહ રાખશે કે તેવી મૌખિક કે નૈતિક સમુજુતી આ નવા મકાનમાં પ્રચલિત બનશે તો જેમ અનંતનિવાસ અને અનંત ભુવનના રહેણાકના રૂમો માટે

અનંતનાથજી જિનાલયમાં વ્યવહારિક રીતે પણ જ્ઞાતિનું વર્ચસ્વ જળવાઈ રહે તે હેતુસર જ્ઞાતિજનોને જ ભાડુત તરીકે સ્વીકારવા બાબતે ટ્રસ્ટ દ્વારા રખાતા આગ્રહને લીધે જ્ઞાતિની અસ્મિતા બબ્બે સદીઓથી આ વિસ્તારમાં ઉજાગર રહી છે તેમ નવનિર્મિત અનંતછાયામાં માલિકી હકો હોવા છતાં પણ, આપણા જ્ઞાતિજનો, ત્યાંના નૂતન શિખરબંધ દેરાસરજી અને ઉપાશ્રય પર આપણી જ્ઞાતિનું અધિપત્ય કાયમી બને અને ઘાટકોપર જેવા શ્રીમંત અને ઉચ્ચ મધ્યમ વર્ગ જેવા પરામાં જ્ઞાતિની સ્વાભિમાનતા અને ગરીમા આવનારા દાયકાઓ સુધી મુખરિત થાય તેવો અભિગમ રાખશે એવી બહુમત જ્ઞાતિજનોની અપેક્ષા સંતોષાશે તો અનંતછાયાની મિલકત વ્યવહારમાં આપણી પાસે જ રહી છે તેટલું સમાધાન અવશ્ય લઈ શકાશે.

આમ, કોર્ટની કાર્યવાહીની દ્રષ્ટિએ, 'અનંતછાયા'ના વેચાણ પર પૂર્ણ વિરામ મુકાય તો પણ તેના અનુસંધાનમાં અને જ્ઞાતિના સમગ્રતયા પરિપ્રેક્ષ્યમાં અનેક મહત્વના પ્રશ્નો હજી પણ ઊભા રહે છે.

આમ છતાં, પક્ષકારો તો ઠીક, પણ 'અનંતછાયા'ના વેચાણનો કારણે જ્ઞાતિ અગ્રણીઓમાં જે બે છાવણીઓ છેલ્લાં ત્રણેક વર્ષથી તીવ્ર વૈમનસ્ય અને કટુતાના માહોલમાં આમને સામને વહેંચાઈ ગઈ છે તે અને અન્ય સૌ સંબંધિતો, વાસ્તવિકતાનો સ્વીકાર કરીને વિશાળ જ્ઞાતિહિતમાં ઉદારમનથી એખલાસ અને પરસ્પર સંવાદિતાનો નવો અધ્યાય શરૂ કરવા પ્રતિબધ્ધ થાય તેવી શ્રધ્ધા રાખીએ.

- રા.


**વાપી સ્થિત કે.ડી.ઓ. બહેનોએ શરૂ કરી છે. ટીફિન સેવા ઘર જેવું જમવાનું વાપીમાં તેમજ બહાર ગામની ગાડીઓમાં વાપી સ્ટેશન પર પહોંચાડવામાં આવશે. નાસ્તાની પણ વ્યવસ્થા કરી આપશું. વ્યાજબી દરે સ્વાદિષ્ટ ભોજન / નાસ્તો.**

**કલ્પના મેપાણી : 08905723239,**
**ધારીણી શાહ : 09328380458**


## અગત્યની સુચનાઓ

● પ્રકાશ સમીક્ષાને ઈ - મેલથી જાહેરાત / સમાચાર / મેટર મોકલ્યા પછી તેની અમને આ નંબર પર SMS એસ.એમ.એસ. દ્વારા જાણ કરવા વિનંતી. જેથી તેની નોંધ લઈ શકાય. મોબાઈલ નં. 9004165192. આ નંબર ફક્ત SMS એસ.એમ.એસ. સ્વીકારવા માટે જ છે.

● સમાચાર/ જાહેરાત માટે મોકલેલ મેટર અંગે સહતંત્રી શ્રી ચંદ્રસેન મોમાયાનો સંપર્ક કરવો. મો. ન. 9324618606 અંકો ન મળવા અંગે તેમને ફોન નહીં કરવા વિનંતી.

Please Note : Whenever you send news / advertisement / matter by email, please do send your sms for the same to us on Mob. ; 9004165192. This number is for receiving sms only.

## પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર

| પ્રકાર | સાઈઝ | આર્ટ પેપર કલર | ન્યુજ ગ્લેઝ કલર | બ્લેક-વ્હાઈટ |
|---|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 7,000/- | 5000/- | 4,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 4,000/- | 2600/- | 2250/- |
| પા પાનું | 77 x 111 mm | 2,500/- | 1400/- | 1250/- |
| ૧/૮ પાનુ | 77 x 54 mm | આર્ટ પેપરની બેપાનાની જાહેરાત મળે તોજ | 800/- | 700/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | | 400/- | 350/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

જા.ખ. મેટર મોકલવા સાથે જા.ખ. બ્લેક/વ્હાઈટ છે કે કલર છે, જા.ખ.ની સાઈઝ, જા.ખ.નું બીલીંગ નામ-સરનામું અને જરૂરી પેમેન્ટ સાથે મોકલવું અત્યંત આવશ્યક છે.

## શ્રી કચ્છી દશા ઓસવાલ ઘાટકોપર - વિદ્યાવિહાર - ચેમ્બુર જૈન સંઘ

શ્રી ક.દ.ઓ. જી.વી.સી જૈન સંઘના પરિવારના સર્વેને જણાવવાનું કે સંઘની જનરલ મિટિંગ રવિવાર તા. ૨૭.૭.૨૦૧૪ના સવારના ૯.૧૫ કલાકે શ્રી ધનજી દેવજી રાષ્ટ્રીય શાળા, ગ્રાઉન્ડ ફ્લોર નીચે પાછળ એસી હોલ, મધ્યે નીચે મુજબના એજન્ડા માટે ચર્ચા વિચારણા કરવા આયોજિત કરેલ છે. તો આપ સર્વેને મિટિંગમાં સમયસર હાજર રહેવા નમ્ર વિંનતી છે.

**એજન્ડા**

૧. શ્રી સંઘ આવર્ષે શ્રી પર્યુષણ મહાપર્વ ૮ દિવસ ઉજવવા તેની ચર્ચા કરવા બાબત. ૨. શ્રી સંઘના ગયાવર્ષના હિસાબ - અહેવાલ. ૩. શ્રી પ્રમુખશ્રીની મંજુરીથી અન્ય બાબત

ક.દ.ઓ. જી.વી.સી ની હદમાં રહેતા સર્વે કુટુંબીજનોને ઉપરોક્ત મિટિગમાં પોતાની ફરજ સમજીને જરૂરથી સમયસર પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

લી. ક.દ.ઓ. જી.વી.સી જૈન સંઘના કારોબારી સભ્યોના
જય જિનેન્દ્ર
અલ્પહારની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

## શ્રી આશાપુરામાં (ભદ્રેશ્વર) ગોસર પરિવાર નવરાત્રી મહોત્સવ

ભદ્રેશ્વર ગામે બિરાજમાન શ્રી આશાપુરામાંને નમતા ક.દ.ઓ. ગોસર ભાઈઓ, આ વર્ષે આસો સુદ નવરાત્રીના આપણા ભૂઈમાંની ગંધી બદલવાના પાવન પ્રસંગે સમસ્ત ગોસર પરિવાર અને ખાસ કરીને નીયાણી બહેનોને ભાવભર્યું આમંત્રણ છે.

આ બદલ બધા ભાઈઓનો તો ફોર્મ મોકલવામાં આવ્યા છે. જે ભાઈઓને ફોર્મ ન મળ્યું હોય તેમને શ્રી હિતેન્દ્ર ભવાનજી ગોસરનો મો. 09324106060 પર સંપર્ક સાધવા વિનંતી અને ફોર્મ ભરીને જલ્દી મોકલાવવું જેથી કરીને આમંત્રણ પત્રિકા મોકલવામાં સાનુકુળતા રહે. મહોત્સવ તા. ૩૦.૦૯.૨૦૧૪ થી તા. ૦૩.૧૦.૨૦૧૪ સુધી રહેશે અને પાછા આવવાની ટીકીટ બધાએ ભુજથી જ કઢાવવી.

**નિમંત્રક : શ્રી આશાપુરામાં**
**નવરાત્રી મહોત્સવ સંઘ સમિતિ**

**શ્રી ચંદ્રપ્રભ સ્વામી નમઃ** **શ્રી શાંતિનાથ ભગવાન નમઃ**

## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન ગોએરસમા બારોઇ સુજા ગામવાસીઓ એવમ નિયાણી બહેનો સઃપરિવાર જોગ, 'મહા પર્વ પર્યુષણ આરાધનાર્થે પધારો'

જય જિનેન્દ્ર સહ હર્ષભેર જણાવવાનું કે અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદય સાગર સૂરીશ્વરજી મ.સા. અને પ.પૂ.આ.ભ.કલાપ્રભ સાગર સૂરીશ્વરજી મ.સા.ની પરમ કૃપાથી પ.પૂ,મુનિવર શ્રી હિત વર્ધન સાગરજી મ.સા.ના સાનિધ્યમાં મહા પર્વ પર્યુષણની આરાધના તા.૨૩.૦૮.૧૪ શ્રી ૩૧.૦૮.૧૪ માટે પધારવા આપ સૌને સપરિવાર ભાવભર્યું આમંત્રણ છે.

પધારનાર ભાગ્યશાળી વહેલાસર અમને જાણ કરશોજી જેથી અમને વ્યવસ્થા જાળવવા સુગમતા રહેશે.

આપ સૌ વધુથી વધુ સંખ્યામાં પધારો એવી આશાએ ધન્યવાદ સહ આભાર

**સંપર્ક : શ્રી ભુપેન્દ્ર લક્ષ્મીચંદ ડાઘા - મો. 09819883522**
**શ્રી શ્રેણીક નરશી મોમાયા - મો. 09323785320**

**શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન જ્ઞાતિ મહાજન ગોએરસમા - બારોઇ વતી પ્રમુખ શ્રી ધનપતિભાઇ કુંવરજી મોમાયા એવમ ટ્રસ્ટીઓ, પદાધિકારીઓ એવમ કારોબારી સભ્યોના જય જિનેન્દ્ર.**

# કચ્છી કવિતા – પ્રકાશ

સંકલન : નવિન પટેલ

૮

**'કચ્છી કવિતા – પ્રકાશ'** માં આજે કવિતાના એક જુદા પ્રકારને માણીશું. આ પ્રકાર છે **'પિરોલી'**. પિરોલી એટલે કે ઉખાણાં. આ પ્રકારની રચનાઓ દરેક ભાષાનાં સાહિત્યમાં થતી હોય છે. આપણાં કચ્છી કવિઓએ કવિતાના આ પ્રકારમાં પણ ખાસ્સું કાઠું કાઢ્યું છે. ઘડીભરની ગમ્મત કરતી પિરોલીની રચનાઓ લોકમુખે રહેલ લોકસાહિત્યમાં પણ દેખાય છે તે કચ્છી ભાષાની પ્રાચિનતાનો ચિત્તાર આપે છે. રમતિયાળ સ્વભાવથી શરૂ થતી પિરોલીઓ ઘણી વખત ભલભલા શાણા માણસોને પણ મુંઝવી નાંખતી હોય છે. આજની પિરોલીનાં જવાબો તુરંત અમને મોકલાવો. આગામી પ્રકરણમાં સાચા જવાબો આપનારનાં નામો છાપવામાં આવશે. તો શરૂ કરીએ પિરોલીની સફર લોકસાહિત્યની રચનાથી.

**જલ તારણ ને કુત્તા મારણ, અંધે જો આધાર,**
**કંથડ઼ા ! તું કિત ભુલેં, ઇ હકલ જો હથિયાર !**

**લોક સાહિત્ય**ની અન્ય એક પિરોલી જોઇએ :

**પિરોલી પરધાન ચે, સુણ સાંગાણી વીરા,**
**સત ડીં સુકેં તોય, નીલા જા નીલા,**

લોકસાહિત્યમાં ઘણી વખત કોઇ વસ્તુનાં સંદર્ભમાં મોટી કવિતા જેવી પિરોલીઓ પણ રચાયેલ છે જેનો જવાબ એક શબ્દમાં જાણી શકાય તો કેટલીક પિરોલીઓ નાની હોય પરંતુ તેને સમજાવવા કથા કરવી પડે. આ બંન્ને પ્રકારમાં રચના કરનાર અને સાંભળનાર બંન્નેને મોજ પડે છે.

**પાણી મિંજા પેધા થ્યો, સે નાલે ચંગું નર,**
**નાલો ઈન જો તડેં પેઓ, જડેં સુકી થેઓ સર,**
**આને રખેઓ ચોક મેં, ડિસણ જેડ઼ો વર,**
**ખાધે તાં મન ખુશ થેઓ, ધિલ પણ થેઓ તર,**
**હલે ન પિંઢ કડેં હેકલો, સાથ સંગાથે સર,**
**હલે અસવારી વિચ મેં, કેં અસવારી ખર.**

તો હવે આ બે લીટીને સમજાવવા તમને કથા જ માંડવી પડશે.

**આંઉ આવઈસ તોકે, તું રોકે વિઠેં મુકે,**
**તું છડ મુકે, ત ખણી વિઆં તો કે.**

કવિ **રતિલાલ ખોના 'રશ્મિન'** એ એમના પુસ્તકોમાં ઘણી પિરોલીઓ રચેલ છે ચાલો તેમાંની કેટલીક પિરોલીને માણીએ:

**ચાર નર ને ચાર નારી,**
**મત્થે બિરાજે શાહ સવારી.**

તો અન્ય પિરોલીમાં કહે છે...

**ચંઈ ખંભે તેં ટેકરો ને પાસે મેં મીનાર,**
**કાં વન વગડ઼ે વોય કાં માડુ વટ ન્યાર.**

કવિની આ આધુનિક પિરોલી તમને ચોક્કસથી આવડશે તેની ખાત્રી છે.

**કન તેં રખી ને કચકડ઼ો, હકલીયેં તાં હીરો હોન્ઢા,**
**ઈ અજ જા જુવાનિયાં, ભની વ્યા હિન પુઠિયા ગાન્ઢા.**

હવે જોઇએ કવિ **હરેશ દરજી 'કસભી'** ની કેટલીક મજાની પિરોલીઓને :

**પામીંધે માડુ જેં કે, જિજો કરીયેં તા હરખ,**
**માલ ઘણેં મોંઘો–પ ઈનજી પાયણ કરે પરખ.**

બીજી પિરોલિ માંડતા કવિ કહે છે :

**હિકડ઼ા અચેં ને બ્યા વિઞેં, હિત ડુખી મિણીં જા હાલ,**
**ઉ ઠેકાણું કેઓ ? જિત્ત હલે, ન હૂવે તેંજી જ ગાલ !**

પિરોલીની વાત માંડીએ એટલે ધ્યાન આવે છે કે સૌથી રમતિયાળ તથા બોધદાયક પિરોલીઓ રચાઇ છે કવિ **તેજપાલ ધારશી 'તેજ'** દ્વારા. ચાલો એમની કેટલીક પિરોલી જોઇએ :

**'તેજ' આઉં ભરેલી ઝેરસેં તૉય કીં નાગણ નઈયાં,**
**જેંસે બધા નેહ તેંસેં છેક તાંઈ નિભાઈયાં,**
**ઈ તાં મેડ઼ાવેમેં મુઈયાં તડેં મોં મુંજો કારો થેઓ.**

તો બીજી પિરોલીમાં કવિ કહે છે :

**અસીં ધણી–ધણીયાણી–બ, અસાં જાતે વફાધાર,**
**મુંજો કમ હિરે–ફિરેજો, મુંજો ધણી ચોકીધાર,**
**ગરીભ–ક–સાહુકાર 'તેજ' ભરોંસો અસાંતે રખેં.**

એમની ઝીણી નિરીક્ષણ કરવાની શક્તિ એમની રચનાઓમાં નજરે ચડે છે :

**મોં સે સુણે, પૂછ સેં ચે, સે ચેં ચુપચાપ,**
**નાલો તાં ઈનજો અચે પ મડ માંધે મથે સપ**

એકાદ થોડીક અઘરી પિરોલીની વાત મુકતા આજની વાત પુરી કરીએ :

**નર ડિઠા ભેરા વિઠા તડેં વિચમેં નિકરઈ નાર,**
**અંગતેં ઉઢઈ ખોંભલી–પ મથો ખુલો ધરાર;**
**નારી હિકડ઼ી નર ઘણેં સે લખાણે હુઆ લાચાર,**
**મેડ઼ાવે જે મુડ઼મેં તાં મિઠિયું ડિનોં અપાર;**
**બીં હથેં બખું વિધોં તડેં બાફું કઢેતી બાર,**
**ધુઆં ફુઆં થઈ ઘણેં પણ તલપેં હુઈ લાચાર;**
**'તેજ' ડિઠેં સજી ભાજાર પ કેં ધા ન કો ફરિયાધ કિઈ.**



# અચલગચ્છ પરિચય ભાગ - ૨

## અચલગચ્છ સંઘના પ્રથમ પ્રમુખઃ નારાણજી શામજી મોમાયાના સંઘના બીજા અધિવેશન વખતના પ્રવચન પર આધારિત શ્રેણી

જૈન ધર્મશાસ્ત્રો પરંપરાના સ્થાપક પ. પૂ. આર્યરક્ષિત સૂરીશ્વરજી

આપણા વર્તમાન શાસનના અધિપતિ પરમ તીર્થંકર શ્રમણ ભગવંત મહાવીર પ્રભુને અગીઆર ગણધરો હતા. કોઈ ગણધર ભગવંત ૫૦૦ શિષ્યોને વાચના આપતા તો કોઈ ગણધર ભગવંત ૩૦૦ શિષ્યોને વાચના આપતા. આ લાભલેનાર શિષ્ય સમુદાય ગણના નામે ઓળખાતો જે કાલક્રમે ગુચ્છ અને ગચ્છથી ઓળખાવવા લાગ્યો. પ્રભુના આવા નવ ગણો હતા. આવા કેટલાક ગચ્છો શ્રમણ સમુદાયના નામોથી ઓળખાતા. જ્યારે કેટલાક ગચ્છો બિરૂદોથી ઓળખાતા વીર સંવંત ૧૦૦૦ સુધી ગચ્છના આ પ્રકારો મર્યાદિત હતા. ત્યારબાદ સમાચારી અને શ્રુતજ્ઞાનની માન્યતાના આધારે ગચ્છોનો પ્રાદુર્ભાવ થયો.

જિનશાસન એક પવિત્ર શાસન ગણાયું છે, કારણ કે, તેમાં ચારિત્ર અને ક્રિયાનું પાલન ઉત્તમ રીતે થાય છે. આમ છતાં કાળબલે તેમાં શિથિલતા આવવા લાગી અને વિક્રમની અગીઆરમી - બારમી સદીમાં તો તેમાં ચૈત્યવાસી સંપ્રદાય જોર પર આવ્યો, જે સંવેગી સાધુ સમુદાયની સરખામણીમાં ઘણો શિથિલાચારી હતો. આમ છતાં સંઘનું સુકાન તેના હાથમાં આવ્યું અને સુવિહિત સાધુઓને વસ્તી તથા આહારપાણી મળવા દુર્લભ બની ગયા. આ વખતે આર્યરક્ષિતસૂરિરૂપી આદિત્યનો પ્રકાશ થયો અને તેમને શિથિલાચાર રૂપી અંધકારનો નાશ કરવા હામ ભીડી.

ચૈત્યવાસીઓની હાલત જોઈ તેમનો આત્મા કકળી ઉઠયો અને તેમને શુદ્ધ આચારવાળી

*અનુસંધાન ૧૬માં પાને*


પહેલી વર્ષગાંઠ નિમિત્તે

જેન્યુન ડિસ્કાઉન્ટ

તા. ૫ ઓગસ્ટથી ૧૫ ઓગસ્ટ ૨૦૧૪

અવસર સારીઝ

- કસબ/જીંક કસબ સાડીઓ
- કસબ ચણીયા ચોલી
- રીયલ/ટેસ્ટેડ ઘરચોળા
- બોર્ડરો
- બાંધણીઓ
- પાનેતર
- બાંધણી પંજાબી સુટ
- પટોળા

૧, રૂપલ અપાર્ટમેન્ટ, દાદા સાહેબ ફાલકે રોડ, સાધના હોટેલની સામે, દાદર (ઈ), મુંબઈ-૧૪.
Tel. No. 2416 4239

દિનેશ દેઢિયા 92234 25676
ભાવિન દેઢિયા 98197 23119

Since 1984...
Lagna Deep
બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ, મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)



પધારો... અસ્સલ કચ્છીયતના આંગણે...

રીયલ હેન્ડ એમ્બ્રોઇડરી, રીઅલ જરી, ચોકબંધ ઘરચોળા

- રીયલ બટ કસબની સાડી બોર્ડર • પીટ્ટા તાર ભરતની સાડી
- કસબ અને જીક કસબની સાડી • પારસી વર્ક
- બ્રાઇડલ ચણીયા ચોળી, ડીઝાઇનર સાડી
- પાનેતર • બનારસી ઉપાડા અને ફેન્સી બાંધણી ઘરચોળાની ટેસ્ટેડ તથા રીયલ બોર્ડરો મળશે.

(એક્સક્લુઝીવ ડ્રેસ મટેરીયલ)
જુના ઘરચોળા સારી કિંમતે લેવામાં આવશે.
Mob. : 7666688881

ગુરૂવાર બંધ

*શ્રી પાર્શ્વનાથજી જૈન દેરાસરજી અને ક.દ.ઓ. મહાજન ટ્રસ્ટ સંચાલિત*

# માતુશ્રી વેલબાઈ લઘુભાઈ હીરજી લોડાયા પરિવાર સેનેટરીયમનું લોકાર્પણ

સંપૂર્ણ જ્ઞાતિ જોગ. રાપરગઢવારી તીર્થે જેઠ સુદ ૯ વિ.સં. ૨૦૭૦, શુક્રવાર તા. ૬-૬-૨૦૧૪ ના રોજ નવનિર્મિત સેનેટરિયમનું લોકાર્પણ કરવામાં આવેલ. સેનેટરિયમના નિર્માણમાં રાપરગઢ - નાની સિંધોડી મિત્રમંડળનો બહુમૂલ્ય સાથ સાપડેલ તથા નીચેના સહૃદયી પરિવારોનો આર્થિક સહાય મળેલ. આ સર્વેની ભૂરી ભૂરી ખુબ અનુમોદના.

**સેનેટરીયમ સંકુલના દાતા : રૂા. ૧૫,૦૦,૦૦૧/-**

સુદીર્ઘ વર્ષીતપયાત્રાના આરાધક, તપસ્વીરત્ન અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગર સૂરીશ્વરજી મ.સા.ના આર્શિવાદથી એઓશ્રીના આજ્ઞાવર્તિની શાસનદિપિકા પ.પૂ. સાધ્વીશ્રી જયલક્ષ્મીશ્રીજી મ.સા.ના આત્મશ્રેયાર્થે શ્રી પાર્શ્વનાથજી જૈન દેરાસરજી અને ક.દ.ઓ. મહાજન ટ્રસ્ટ રાપર ગઢવારી, સંચાલિત રાપર ગઢવારી, હાલે મુંબઈ ઘાટકોપર નિવાસી.

**માતુશ્રી વેલબાઈ લઘુભાઈ હીરજી લોડાયા પરિવાર** સેનેટોરીયમ હસ્તે પુત્ર-પુત્રવધુઓ અ.સૌ. ધનવંતી પુનશી, અ.સૌ. કુસુમ દામજી, અ.સૌ. પ્રસન્ના ચંદ્રકાંત લોડાયા, પૌત્ર-પૌત્રવધુઓ : અ.સૌ. શીતલ રાજેશ, અ.સૌ. શીમુલ દીતેશ,નીરવ ચંદ્રકાંત લોડાયા, પ્રપૌત્ર-પ્રપૌત્રીઓ : ક્રીશ રાજેશ લોડાયા, કસક-તનીશા દીતેશ લોડાયા.

**વિંગના દાતા : રૂા. ૫,૦૦,૦૦૧/- દરેક વિંગના**

**એ વિંગ : માતૃશ્રી તારાબાઈ માણેકજી કેશવજી મોતા,** રાપર ગઢવારી હસ્તે પુત્રવધુ : અ. સૌ. હીના કલ્પેશ માણેકજી મોતા. સુપુત્રીઓ : અ.સૌ. ભાવના નરેન્દ્ર નવલચંદ ટોલિયા, અમરેલી. અ.સૌ. કલ્પના તરૂણ ધનજી ધરમશી સુથરી. અ.સૌ. મીતા વિરચંદ કુંવરજી (માસ્તર) લાલકા, વારાપધર.

**બી વિંગ : માતૃશ્રી તારાબાઈ માણેકજી કેશવજી મોતા,** રાપર ગઢવારી હસ્તે : પુત્રવધુ અ.સૌ. નિશા હિતેન્દ્ર માણેકજી મોતા. પૌત્રો : જય હિતેન્દ્ર મોતા - અજય હિતેન્દ્ર મોતા.

**સી વિંગ : માતૃશ્રી તારાબાઈ માણેકજી કેશવજી મોતા,** રાપર ગઢવારી હસ્તે પુત્રવધુ અ.સૌ. ઉષા નિલેશ માણેકજી મોતા. પૌત્ર-પૌત્રી : સુજય નિલેશ મોતા - હેના નિલેશ મોતા.

**વિવિધલક્ષી હોલના દાતા : રૂા. ૩,૫૧,૦૦૦/-**

હોલ : **માતુશ્રી ચંપાબેન હંસરાજ પરબત ડાઘા,** વરાડીયા. હસ્તે અ.સૌ. હસુમતીબેન હીરાલાલ હંસરાજ ડાઘા.

**ઓફીસ અને પરબના દાતા : રૂા. ૩૦૦,૦૦૧/-**

**માતૃશ્રી ખેતબાઈ હંસરાજ વિસનજી લોડાયા.** ગામ આરીખાણા, હસ્તે શ્રીમતી ગીતા અરવિંદ હંસરાજ લોડાયા, શ્રીમતી રમીલા વિનોદ હંસરાજ લોડાયા, શ્રીમતી સંગીતા પ્રવિણ હંસરાજ લોડાયા.

**રૂમના તથા ફર્નિચરના દાતા**

**રૂમ ૧ ના દાતા : મા. ભચીબાઈ હરસી નાગશી લોડાયા** રાપર ગઢવારી હ. અ.સૌ. વિજયાબેન કુંવરજી લોડાયા - **રૂા. ૧,૫૧,૦૦૦/-**

**રૂમ ૧ ના ફર્નિચરના દાતા : ભાવેશ તથા ધનેશ કુંવરજી લોડાયા.** હસ્તે અ.સૌ. કુંજલ ભાવેશ લોડાયા, અ.સૌ. ભાવિકા ધનેશ લોડાયા - **રૂા. ૫૧,૦૦૦/-**

**રૂમ નં. ૨ ના દાતા : મા. મણીબાઈ નરશીં ઉકેડા લોડાયા** રાપરગઢવારી હસ્તે જ્યોતી નીલેશ દંડ (સાંધવ) હ. જીગ્ના પુનીત મોતા (રાપર) - **રૂા. ૧,૫૧,૦૦૦/-. રૂમ નં. ૨ ના દાતા ફર્નિચર : અ.સૌ. દમયંતી વિરચંદ લોડાયા.** હસ્તે જ્યોતી, જીજ્ઞા, શ્રીજેશ, કિંજલ, પારસ, અક્ષય, એકતા - **રૂા. ૫૧,૦૦૦/-**

**રૂમ નં. ૩ ના દાતા : મા. ધનબાઈ દેવશી લાલજી ધરમશી,** નાની સિંધોડી હસ્તે સુપુત્રો ટોકરશી, માણેકજી, ગોવિંદજી, લક્ષ્મીચંદ, પુનશી, રતિલાલ તથા ધનજી - **રૂા. ૧,૧૧,૦૦૦/-. રૂમ નં. ૩ ના ફર્નિચરના દાતા : મા. રાજબાઈ વેલજી ટોકરશી લોડાયા,** રાપરગઢવારી હસ્તે ગુલાબચંદ અને રોહિત વેલજી ટોકરશી લોડાયા, શ્રીમતી દમયંતી મુલચંદ નાગડા, પરજાઉ-ઘાટકોપર, શ્રીમતી હસુમતી વિપીન ખોના, નલીયા-નાસિક,

# રાપરગઢ તીર્થે ધ્વજા ઉત્સવ - સેનેટોરીયમનું લોકાર્પણ





શ્રી સંઘનુ રાપર તીર્થે આગમન

શ્રી સંઘ નું સ્વાગત

શ્રી સંઘનું ગામ તરફ પ્રયાણ





૧૮ અભિષેકની તૈયારી કરતી સખી મંડળની બહેનો

અઢાર અભિષેકમાં ભાવવિભોર ભાવિકો

અઢાર અભિષેકના દાતા પરિવાર સભ્ય





અઢાર અભિષેકના દાતા પરિવાર સભ્ય

માતુશ્રી તારાબાઈ માણેકજી મોતા પરિવાર
તરફથી ઉપકરણોની જિનાલયમાં ભેટ





સાધર્મિક ભક્તિનું લાભ લેતા અતિથિઓ





સેનેટોરીયમ ઉદ્‌ઘાટન તરફ શ્રી સંઘનું પ્રયાણ

કાર્યકરવૃંદ

કાર્યકરવૃંદ




સમારોહમાં ઉપસ્થિત શ્રાવક - શ્રાવિકાઓ

# રાપરગઢ તીર્થે ધ્વજા ઉત્સવ - સેનેટોરીયમનું લોકાર્પણ




મંચ ઉપર બિરાજમાન અતિથિ વિશેષો



શ્રી પુનશીભાઈ લોડાયા નું
સ્વાગત કરતા શ્રી દિલીપ નાગડા



શ્રી પ્રફુલભાઈ મૈશેરી નુ
સ્વાગત કરતા શ્રી કમલેશ સોની



સ્થાનિક શ્રી વિપુલ લોડાયા નું
સ્વાગત કરતા શ્રી ચંદ્રકાંત લોડાયા



સ્થાનિક શ્રી હરીશ લોડાયા નું
સ્વાગત કરતા શ્રી રતિલાલ ધ્રોળ



અબડાસા ગૌશાળા ટ્રસ્ટના શ્રી મોહનભાઈ
અને વસંતભાઈ નો સ્વાગત



પ. પુ. મોક્ષેસચંદ્રસાગરજી મ.સા.
દ્વારા માંગલિક



સંકુલનો ઉદ્‌ઘાટના કરતા
દાતા પરિવારના સભ્યો



સંકુલનું લોકાર્પણ



વિંગનો ઉદ્‌ઘાટન કરતા દાતા
પરિવારના સભ્યો



વિંગનો ઉદ્‌ઘાટન કરતા દાતા
પરિવારના સભ્યો



વિવિધલક્ષી હોલનું ઉદ્‌ઘાટન કરતા
દાતાશ્રી અને સ્નેહી



કાર્યાલયનું ઉદ્‌ઘાટન કરતા દાતા
પરિવારના સભ્યો

# રાપરગઢ તીર્થે ધ્વજા ઉત્સવ - સેનેટોરીયમનું લોકાર્પણ




ભાવનાનું આનંદ માણતા શ્રાવક-શ્રાવિકાઓ





ધ્વજા સંગાથે દાતા પરિવારજનો



મ.સા. પાસેથી જ્ઞાનનું રસ પીતા હિતેશ મોતા



સત્તર ભેદી પૂજામાં મગ્ન દાતા પરિવારજનો



ધ્વજાની અષ્ટપ્રકારી પૂજા કરતા દાતા પરિવારજનો





ધ્વજા આભમાં.........




મંગલ આરતી ઉતારતા ત્રિપુટી - બંધુ
શ્રી કલ્પેશ મોતા, શ્રી હિતેશ મોતા અને શ્રી નિલેશ મોતા

# રાપરગઢ તીર્થે ધ્વજા ઉત્સવ - સેનેટોરીયમનું લોકાર્પણ


રૂમ નં. ૧ ના દાતા પરીવાર


રૂમ નં. ૨ ના દાતા પરીવાર


રૂમ નં. ૩ ના દાતા પરીવાર


રૂમ નં. ૪ ના દાતા પરીવાર


રૂમ નં. ૫ ના દાતા પરીવાર


રૂમ નં. ૬ ના દાતા પરીવાર


રૂમ નં. ૭ ના દાતા પરીવાર


રૂમ નં. ૮નું ઉદ્‌ઘાટન કરતાં ટ્રસ્ટીઓ


રૂમ નં. ૯ના દાતા પરીવાર


રૂમ નં. ૧૦ ના દાતા પરીવાર


રૂમ નં. ૧૧ ના દાતા પરીવાર


રૂમ નં. ૧૨ના દાતા પરીવાર


રૂમ નં. ૧૩ ના દાતા પરીવાર


રૂમ નં. ૧૪ ના દાતા પરીવાર


રૂમ નં. ૧૫ના દાતા પરીવાર


સ્ટોર રૂમ નં. ૧ ના દાતા પરીવાર


નૂતન સેનેટોરીયમ


સ્ટોર રૂમ નં. ૨ ના દાતા પરીવાર

શ્રીમતી ઝરના ચિમનલાલ છેડા - નલીયા-ઘાટકોપર, શ્રીમતી ગીતા રમેશ ગોસર-બારોઈ-વિજયવાડા, શ્રીમતી હીના ચંદ્રશેખર રાવ-વિજયવાડા - **રૂા. ૫૧,૦૦૦/-**

**રૂમ નં. ૪ ના દાતા : રૂમ અને ફર્નિચરના દાતા : શા. લક્ષ્મીચંદ તથા ચાંપશી ભારમલ નાગડા,** રાપરગઢવારી હ. રીદાન જીતેન દિલીપ લક્ષ્મીચંદ નાગડા - **રૂા. ૨,૦૨,૦૦૦/-**

**રૂમ નં. ૫ ના દાતા : રૂમ અને ફર્નિચરના દાતા : માતુશ્રી દેવકાંબેન ટોકરશી પાશ્વીર લોડાયા,** રાપરગઢવારી હસ્તે અ.સૌ. ચંદ્રીકાબેન લલિતભાઈ લોડાયા, હૈદ્રાબાદ - **રૂા. ૨,૦૨,૦૦૦/-**

**રૂમ નં. ૬ ના દાતા : મા. દેવકાબાઈ હંસરાજ પાશ્વીર મોતા,** રાપર ગઢવારી હસ્તે સુપુત્રો લાલજી મોતા, તિલક મોતા તથા કાંતિલાલ મોતા - **રૂા. ૧,૫૧,૦૦૦/-**

**રૂમ નં. ૬ ના ફર્નિચરના દાતા : મા. દેવકાંબાઈ હંસરાજ પાશ્વીર મોતા,** રાપર ગઢવારી હસ્તે પૌત્રો મેહુલ મોતા, પરેશ મોતા તથા અમીત મોતા - **રૂા. ૫૧,૦૦૦/-**

